ANUBHAVS



# ભગવાનની કુતહૂલતાનું વર્ણન કેવી રીતે થાય!

© Copyright 2010, Manasamarthyadata.com



*- વિશ્વનાથ રાઉત*

પૂર્વ જન્મનાં પુણ્યોદયનું ઉત્તમ પ્રારબધ્ધ, આ જન્મે મળેલી સદબુધ્ધી અને સૌથી શ્રેષ્ઠ સદ્ગુરુનાં અકારણ કારુણ્યને કારણે મારા જીવનમાં સદ્ગુરુ બાપુજીનું આગમન થયું એ મારુ સૌભાગ્ય ! ચકલીનાં પગે દોરી બાંધીને પોતાના તરફ ખેંચીએ એવી રીતે બાપુજીએ મને એમના તરફ ખેંચ્યો અને મારુ જીવન સોનેરી બનાવી દીધું. એમનાં સત્ય, પ્રેમ અને આનંદના સદ્ગુરુ તત્વોની મને પ્રચિતી થઈ ત્યારે મારા સમગ્ર જીવનમાં અનન્ય અમુલ્ય પરિવર્તન આવ્યું.મનઃસામર્થ્યદાતા, ભક્તવત્સલ અને આનંદના મહાસાગર, મારા વ્હાલાં ભગવાને મારા જીવનમાં અનેક ચમત્કાર કર્યા. એમની ભક્તિસેવાની સરિતામાં હું સંપૂર્ણ ભીંજાઇ ગયો.

એક ગરીબ અને સામાન્ય ગૃહસ્થ શ્રીસાઇરુપી બાપુની શ્રધ્ધા અને સબૂરીનાં મૂલ્યોની કાળજી રાખતા પરમાર્થ પામવાના પ્રયત્ન કરતો હું જીવન જીવતો હતો. ભક્તોના જીવનવિકાસના હેતુસર પરમ પૂજ્ય બાપુજીએ શ્રીસાંઇસચ્ચરિત ગ્રંથ પર આધારિત પંચશીલ પરીક્ષાની શરુઆત કરી. પ્રથમાથી ચતુર્થી સુધી સારા ગુણો સાથે પાસ થતો હતો. આ જ્ઞાનની પરિક્ષા નથી; આ ભક્તિની પરીક્ષા છે, એ વાતની અનુભૂતિ થઈ. હું પંચમીની પરીક્ષા આપવા બેઠો; જે ક્યારેય વિચાર્યુ પણ નહોતુ, એ સદ્ગુરુમાએ સંભવ કર્યુ, પંચશીલ પરીક્ષાની પંચમી પરીક્ષામાં મને વિશેષ પ્રાવીણ્ય મળ્યું.સાંભળીને હું દંગ જ રહી ગયો. સદ્ગુરુનાં પ્રેમથી સંપૂર્ણ ભરાઇ ગયો, અષ્ઠભાવ જાગૃત થયો.

મારા જીવનની સૌથી આનંદની પળ કઇ? પંચમી પરીક્ષાના પરિણામની જાહેરાત કરતા સમયે સદ્ગુરુનાં સુમુખેથી મારા જેવા ગરીબ ભક્તનું નામ જાહેર કર્યુ! આ વિશ્વમાં આથી વધુ ખુશીની વાત કઇ હોય શકે?આ સાંભળીને મારા પરિવારજનો પણ ખુશ થયાં.ઉપાસના કેન્દ્રમાં પણ બધા ભક્તાએ મને અભિનંદન આપ્યાં.

એ ઉપરાંત પારિતોષિક સમારોહમાં આનંદ ચરમસીમાં પર જ હતો. ન્યુ ઇંગ્લીશ સ્કુલમાં પારિતોષિક વિતરણ સમારોહમાં મારુ પ્રમાણપત્ર સ્વીકારતા સમયે મારા ભગવાને મારા સદ્ગુરુએ



તાળી પાડીને મને પ્રોત્સાહિત  કર્યો. એક પ્રેમાળમાતા એનાં વ્હાલાં બાળકને વ્હાલ કરે છે, એનાથી અનંતગણો વધારે પ્રેમ મને મારા સદ્‌ગુરુએ એ ક્ષણે આપ્યો.  એમની  પ્રેમભરી નજરની વર્ષા થતાં જ મારી આંખમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં. મારા જીવનની અવિસ્મરણીય અને અવર્ણનીય એ ક્ષણ હતી. એ સમયે સદ્‌ગુરુ બાપુજીના મુખે જે તેજ હતું એનું વર્ણન કરી શકાય એમ નથી. એ જ ક્ષણે મેં પ્રાર્થના કરી કે ... આ યશથી અપભ્રષ્ટ  ના થતાં આપની સેવા - ભક્તિમાં સ્વંયને અર્પણ કરુ છું.

ભરી ભરીને આનંદ આપનારા  મારા કૃપાળુ સદ્‌ગુરુ બાપુજી હું આપનો સદા ઋણી રહીશ !

ANUBHAVS

# HARI OM

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com